મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૭-૦૨-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### શિવભક્તો સવારથી જ મંદિરોમાં દર્શન માટે ઉમટી પડ્યા હતા મંદિરોમાં વિશેષ શણગાર કરવામાં આવ્યા હતા

# મહેસાણા જિલ્લામાં હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા શિવાલયો ભક્તોએ ભગવાન ભોળાનાથના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા









(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહાશિવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે મહેસાણા જિલ્લાના તમામ શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. ભક્તો મોટી સંખ્યામાં ભગવાન ભોળાનાથના દર્શન કરી આશીર્વાદ મેળવી રહ્યા છે. શિવરાત્રિના દિવસે શિવલિંગ પૂજાનું વિશેષ મહત્વ છે. ભક્તો જળાભિષેક, દૂધનો અભિષેક અને ભાંગનો અભિષેક કરી ભગવાન શિવની આરાધના કરી રહ્યા છે. રાત્રિ દરમિયાન ચાર પ્રહરમાં વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહેસાણા શહેરના પ્રાચીન ભીમનાથ શિવ મંદિરમાં પણ ભક્તોની વિશેષ ભીડ જામી છે.

અહીં મહાશિવરાત્રિ નિમિત્તે વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના નાના-મોટા તમામ શિવાલયોમાં ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યા હતો. શિવભક્તો સવારથી જ મંદિરોમાં દર્શન માટે ઉમટી પડ્યા હતા.. મંદિરોમાં વિશેષ શણગાર કરવામાં આવ્યા હતા અને આખો દિવસ ભજન-કીર્તન અને પૂજા-અર્ચનાનો કાર્યક્રમ ચાલ્યો હતો.

આજે મહાશિવરાત્રીના પાવન દિવસે મહેસાણા જિલ્લાના તમામ શિવાલયોમાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો છે. શિવમંદિરોમાં જલાભિષેક, શિવ મહિમ્ન સ્તોત્ર, બિલ્વપૂજા, ચાર પ્રહરની આરતી સહિતના આયોજનોમાં શિવભકતો જોડાયા છે. ભીમનાથ મંદિર તથા સોમનાથ મંદિરમાં શિવરાત્રિનો રંગેચંગે પ્રારંભ થયો હતો.

જિલ્લાના શિવમંદિરોમાં પૂજન, રૂદ્રાભિષેક, ત્રિશેતિ લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞ, મહાપૂજન ચાર પ્રહરની આરતી વગેરે અનુષ્ઠાનો ચાલી રહ્યાં છે. ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે.

આજે સાંજે ૭ વાગ્યે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. શિવ મંદિરે મહાશિવરાત્રી નિમિતે સાંજના ૬.૩૦ થી ૮ સુધી શિવતાંડવ ધ્યાન, શિવ કીર્તન તથા સંધ્યા ધ્યાનનું આયોજન કરવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લાના શિવ મંદિરો સહિતના જાણીતા શિવાલયોમાં આજે વહેલી સવારથી ભકતોની ભીડ જોવા મળી રહી છે.

### કેટલાક લોકોએ ટ્રેનના બે ડબ્બા વચ્ચેની ખાલી જગ્યામાંથી રોડ ક્રોસ કર્યો હતો

## બહુચરાજીમાં ટ્રેનમાં ટેકનિકલ ખામી સર્જાતા ટ્રેન રેલવે ફાટક પાસે જ અટવાતા : 3 કિ.મી. સુધી વાહનોની લાઈન લાગી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં આજે એક અસામાન્ય ઘટના બની. ટ્રેનના ઈલેક્ટ્રિક એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાતા ટ્રેન રેલવે ફાટક પાસે જ અટવાઈ ગઈ.

આ ઘટનાને કારણે બહુચરાજીથી વિરમગામ તરફ જતા મુખ્ય માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ.

અંદાજે ૩ કિલોમીટર સુધી વાહનોની લાઈન જોવા મળી. આ માર્ગ પર બાયપાસ રોડ ન હોવાને કારણે ભારે વાહનોની અવરજવર વધુ રહે છે.

પરિસ્થિતિની ગંભીરતા એ હતી કે કેટલાક લોકોને ટ્રેનના બે ડબ્બા વચ્ચેની ખાલી જગ્યામાંથી રોડ ક્રોસ



કરતા જોવા મળ્યા. આ વિસ્તારમાં ભારે વાહનોની અવરજવરને કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.

સ્થાનિક રહીશો બાયપાસ રોડની માંગણી કરી રહ્યા છે. તેમનું માનવું છે કે જો બાયપાસ રોડ બને અને ભારે વાહનોની અવરજવર અન્ય માર્ગે વળે તો ટ્રાફિકની સમસ્યા કાયમી ધોરણે હલ થઈ શકે છે.

### ગ્રાહકોમાં ગેરસમજ દુર થયા બાદ યોગ્ય સમયે તંત્ર ઓફિસમાં બેઠા બેઠા જ રૂપાંતરિત કરી શકશે

## વિજ કંપની દ્વારા સ્માર્ટ મીટર ફીટ કરવા ઝુંબેશ : સરકારી કચેરી બાદ હાઈરાઈઝ બિલ્ડીંગ અને પછી રહેણાંકનો વારો

**સ્માર્ટ મીટર હાલ પોસ્ટ પેઈડ, પછી પ્રિ - પેઈડમાં કન્વર્ટ થશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

રાજયમાં વિજતંત્ર દ્વારા લગાવાતા સ્માર્ટ મીટર સામે વિરોધ-ઉહાપોહ વચ્ચે તે ફરજીયાત હોવાની વિધાનસભામાં સરકારની જાહેરાત વચ્ચે સમગ્ર ઝુંબેશ તેજ કરવામાં આવી છે. હાલ લગાવાતા સ્માર્ટ મીટર ‘પોસ્ટ પેઈડ’(વર્તમાન ધોરણે) જ રાખવામાં આવ્યા બાદ ગમે ત્યારે પ્રિ-પેઈડ મીટરમાં રૂપાંતરિત કરી દેવાની રણનીતિ હોવાના સંકેત છે.

રાજયમાં આધુનિક પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરમાં બીલ વધુ આવતુ હોવાના ઉહાપોહ-વિરોધ બાદ તે કામગીરી અટકાવી દેવામાં આવી હતી. સરકારે જ સ્માર્ટ મીટર ફરજીયાત હોવાની જાહેરાત કરીને ફરી ચક્રો ગતિમાન કરી દીધા હતા. વિજતંત્રનાં સુત્રોએ કહ્યું કે, સરકાર દ્વારા અગાઉથી જ સ્માર્ટ મીટર લગાવવાની ઝુંબેશ શરૂ કરી દેવાની સુચના આપી દેવામાં આવી હતી.

રાજકોટ સહીતનાં શહેરોમાં પખવાડીયાથી તે ચાલુ છે. જોકે, હાલ ફીટ કરાતા સ્માર્ટમીટર પોસ્ટ પેઈડ મોડમાં જ છે.અર્થાત ગ્રાહકોને એક-બે મહિનાની બીલીંગ સાઈકલનાં ધોરણે જ રૂપાંતરીત થઈ શકશે. તંત્ર દ્વારા ઓફિસમાં બેઠા-બેઠા જ કન્વર્ટ



કરાવી શકાશે.

ગ્રાહકોના પ્રિ-પેઈડ મીટર સામેનાં ઉહાપોહને ધ્યાને રાખીને હાલ ફકત સ્માર્ટ મીટર ફીટ કરવાનો અને પછી યોગ્ય સમયે પ્રિ-પેઈડ મોડ કાર્યાન્વીત કરવાની રણનીતિ અપનાવવામાં આવી છે.

રાજકોટને લાગે વળગે છે ત્યાં સુધી પ્રથમ તબકકે ૨૦,૦૦૦ સ્માર્ટ મીટરની ફાળવણી કરવામાં આવી છે સબ ડીવીઝનોને દરરોજ ૨૫-૫૦ સ્માર્ટ મીટર ફીટ કરવા કહેવાયું છે. હાલના તબકકે તમામ સરકારી કર્મચારીઓને આવરી લેવા કહેવાયું છે.

શહેરની કુલ ૧૬૨૬ કચેરીઓનાં મીટર ચાલૂ સપ્તાહમાં જ બદલાઈ જશે.સીટી સર્કલ-૧ માં ૬૪૪, ટુમાં ૬૦૦ તથા થ્રીમાં ૩૮૨ મીટર બદલાશે તેમાંથી અર્ધાથી વધુ કચેરીઓમાં સરકારી કવાટરોમાં કામગીરી પૂર્ણ પણ થઈ ગઈ છે.

આવતા સપ્તાહથી મોટી ઈમારતોનો વારો લેવામાં આવશે અને છેલ્લે તમામ રહેણાંકને આવરી લેવામાં આવશે.દરેક સબ ડીવીઝનમાં ૧-૧ હજાર સ્માર્ટ મીટર ફાળવવામાં આવ્યા છે.

વર્તમાન જુના મીટરના સ્થાને ફીટ કરાતા સ્માર્ટ મીટર વધુ સ્પીડમાં ફરતા હોવાના કે વધુ બીલ આવતા હોવાની અટકળોને ફગાવતાં વિજતંત્રનાં સીનીયર અધિકારીએ કહ્યું કે યોગ્ય ટેસ્ટીંગ બાદ જ નવા મીટર થાય છે.

ઉર્જા નિગમ-નિયમન પંચના ગેઝેટમાં વિજ સીસ્ટમ અપડેટ કરવાની વિજ વિતરણ કંપનીઓને સતા આપવામાં આવી જ છે.

નવા વિજ મીટર આધુનિક છે. પ્રિ-પેઈડ વર્ઝનમાં લોકો ખુદ મોબાઈલમાં જ પોતપોતાના ઘર-ઓફીસનો વપરાશ નિહાળી શકશે. સ્માર્ટ મીટર ફીટ થયા બાદ ગ્રાહકોમાં વિશ્વાસનું વાતાવરણ ઉભુ થયા બાદ તેને પ્રિ-પેઈડમાં કન્વર્ટ કરવામાં આવે તેમ મનાય છે.

### શિલ્ડ, સન્માનપત્ર અને રૂપિયા ૨૧૦૦નું સન્માન રાશિ એનાયત કરવામાં આવી

## ભાન્ડુપુરા પ્રાથમિક શાળાના શિક્ષિકા નયનાબેન સુથારને પારિજાત એવોર્ડથી નવાજવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

પારિજાત સાહિત્ય પરિવાર દ્વારા આયોજિત ચતુર્ભૂજ કાર્યક્રમમાં એક મહત્વપૂર્ણ સન્માન સમારોહ યોજાયો. આ કાર્યક્રમ મહંતશ્રી બાલકનાથજી બાપુના સાનિધ્યમાં સંપન્ન થયો.

સમગ્ર ગુજરાત રાજયમાંથી ૫૧ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં ભાન્ડુપરા પ્રાથમિક શાળાના શિક્ષિકા નયનાબેન સુથારનો સમાવેશ થયો. તેમનું પંચામૃત દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ પંચામૃતમાં શાલ, સન્માનપત્ર,



બોલપેન, પુસ્તક અને મીઠાઈનો સમાવેશ થતો હતો.

નયનાબેન અમૃતલાલ સુથારને પ્રતિષ્ઠિત ‘પારિજાત એવોર્ડ‘થી નવાજવામાં આવ્યા. તેમને શિલ્ડ, સન્માનપત્ર અને રૂ. ૨૧૦૦નું સન્માન રાશિ એનાયત કરવામાં આવી.

વિશેષ ઉલ્લેખનીય છે કે નયનાબેને ‘પુસ્તકો રડે છે‘ નામના પુસ્તકમાં ‘ભીનું પુસ્તક, કોરું કબાટ‘ શીર્ષકથી લેખ લખ્યો હતો. આ પુસ્તકમાં કુલ ૨૦ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સર્જનાત્મક યોગદાન બદલ પણ તેમનું સન્માન કરવામાં આવ્યું.

### તાપમાન બે ડિગ્રી ઘટ્યું, છતાંયે બપોરે આકરો તાપ અનુભવાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ઉત્તર ગુજરાતમાં મંગળવારે મોટાભાગે ઉત્તર-પૂર્વ દિશાનો પવન ફૂંકાયો હતો. વારંવાર બદલાતી પવન દિશા સાથે તાપમાનમાં પણ અસમાન્ય ફેરફાર થયો હતો. રાત્રીના તાપમાનમાં પોણા ડિગ્રીના વધારા સાથે મુખ્ય ૫ શહેરોમાં ઠંડીનો પારો ૧૬.૬ થી ૧૮.૨ ડિગ્રીની વચ્ચે રહ્યો હતો. અંશતઃ વાદળો વચ્ચે દિવસના તાપમાનની વધ-ઘટ અસમાન્ય રહી હતી. મુખ્ય ૫ પૈકી ૩ શહેરોમાં ગરમીનો પારો ૨ ડિગ્રી સુધી નીચે આવ્યો હતો. જ્યારે મહેસાણા અને મોડાસાનું તાપમાન આંશિક વધ્યું હતું. તેમ છતાં તાપમાન ૩૩.૬ થી ૩૪.૩ ડિગ્રીની વચ્ચે રહ્યું હતું. તાપમાનમાં વધ-ઘટ છતાં બપોરના સમયે આકરી ગરમી અનુભવાઈ હતી.

### પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી

## વિજાપુરની ગરીબ નવાઝ સોસાયટીમાં પાર્ક કરેલી ઈકો કારમાંથી સાયલેન્સરની ચોરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

વિજાપુરની ગરીબ નવાઝ સોસાયટી ખાતે એક ઈકો કારમાંથી ૭૫,૦૦૦ રૂપિયાની કિંમતનું સાયલેન્સર ચોરાઈ જવાની ઘટના સામે આવી છે. આ મામલે પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગરીબ નવાઝમાં રહેતા ઈકરામભાઈ સફદલભાઈ કુરેશી તેમના મિત્ર શેખ નિઝામુદ્દીન ઈકબાલભાઈની ઈકો ગાડી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. શુક્રવારે તેઓ ઈકો કાર (નંબર GJ-




02-EC-7762) લઈને અમદાવાદ ગયા હતા. રાત્રે ૯ વાગ્યે પરત આવ્યા બાદ તેમણે કાર સોસાયટીના નાકે પાર્ક કરી હતી.

બીજા દિવસે જ્યારે કાર સ્ટાર્ટ કરી ત્યારે એન્જિનનો અવાજ અલગ આવતો હતો. તપાસ કરતા કારનું સાયલેન્સર ગાયબ હોવાનું જણાયું. આસપાસ શોધખોળ કર્યા બાદ ડ્રાઈવર ઈકરામભાઈએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ પ્રકારની ચોરીઓની ઘટનાઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક રહીશોએ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે. પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.




# ચૂંટણીમાં વિદેશી દખલ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સરકારી ખર્ચામાં કપાતના નામે અબજોપતિ કારોબારી એલન મસ્કના નેતૃત્વમાં જે સરકારી દક્ષતા વિભાગની રચના કરી છે, તેને ભારતીય ચૂંટણીઓમાં મતદારોની ભાગીદારી વધારવા માટે અપાતા ૨.૧ કરોડ ડોલરનું અનુદાન રદ કરવાના નિર્ણયે ભારતની ચૂંટણીઓમાં વિદેશી દખલનો મુદ્દો ફરીથી ગરમાવી દીધો છે.

રાજકીય ખેંચતાણ પોતાની જગ્યાએ છે, પરંતુ એ સવાલ ચોક્કસ ઊઠે છે કે આખરે અમેરિકા બીજા દેશોમાં લોકતાંત્રિક ભાગીદારીને પ્રભાવિત કરવા માટે પોતાના કરદાતાઓના પૈસા કેમ અને કેવી રીતે ખર્ચ કરે છે? દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં હંમેશાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓની વાત થાય છે, પરંતુ હાલનાં વર્ષોમાં ચૂંટણી પ્રક્રિયાઓમાં વિદેશી દખલની આશંકા એક ગંભીર મુદ્દો બનીને ઉભરી છે, જેના સમાચારો પ્રત્યક્ષ અને પરોક્ષ, બંને રૂપે સામે આવ્યા છે. ચાહે તે વિદેશી સરકારો દ્વારા વિત્તપોષિત પ્રચાર અભિયાન હોય, ડિજિટલ માધ્યમો દ્વારા જનમતને પ્રભાવિત કરવાનો પ્રયાસ હોય કે પછી કેટલાક રાજકીય પક્ષોને કથિત રીતે પરોક્ષ રૂપે આર્થઈક મદદ ઉપલબ્ધ કરાવવી.

ન્યૂઝક્લિક વિવાદમાં આરોપ લાગ્યા કે તેને ચીન સાથે જોડાયેલા સ્રોતો દ્વારા ફંડ પ્રાપ્ત થયું, જેનો ઉદ્દેશ્ય દેશમાં સરકાર વિરોધી વિમર્શને ઉત્તેજન આપવાનું હતું. લોકસભા ચૂંટણી સમયે માઈક્રોસોફ્ટે ડીપફેક અને એઆઈના ખોટા ઉપયોગ દ્વારા ચીન તરફથી ભારતીય ચૂંટણીઓને લઈને ખતરા પ્રત્યે સચેત પણ કર્યા હતા. આ તથ્યને અલિક્ષત ન કરી શકાય કે અમેરિકાએ ચૂંટણીઓમાં મતદારોની ભાગીદારી વધારવાના નામે જે અનુદાન રોક્યું છે, તે અત્યાર સુધી કોઈને કોઈ હાથમાં તો જતં જ હશે અને કોઈને કોઈ રીતે એ ખર્ચ પણ થતું હશે.

વિદેશી દખલનો અદૃશ્ય હાથ ન માત્ર ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરે છે, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ એક ગંભીર ખતરો છે. તેથી જ્યાં સુધી વિગતોની તપાસ ન થાય ત્યાં સુધી આશંકાઓ તો ઊભી જ રહેશે. તેમાં શંકા નહીં કે લોકતાંત્રિક પ્રક્રિયાઓની પવિત્રતાની રક્ષા કરીને જ ભારત એ સુનિશ્ચિત કરી શકે છે કે વિકાસ અને પ્રગતિની તેની રાહ વિદેશી ચાલોને બદલે પોતાના જ લોકોની ઈચ્છાથી નિર્દેશિત હોય. એવામાં જરૂરી છે કે તમામ રાજકીય પક્ષો દેશની સંપ્રભુતા અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતાની રક્ષા માટે એકજૂટ થાય. સરકાર અને ચૂંટણી પંચ સાઈબર સુરક્ષા અને ડિજિટલ નિરીક્ષણ વધારે અને નાગરિકો એટલા જાગૃત તો બને જ કે તેઓ સોશ્યલ મીડિયા પર ફેલાવાતી ભ્રામક માહિતીઓના જાળમાં ન ફસાય.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# એક વર્ષમાં ૨૨ લાખ દર્શનાર્થીઓએ લીધી આ મંદિરની મુલાકાત અભૂતપૂર્વ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સીમાચિહ્ન એવા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીના લોકાર્પણના એક વર્ષની ભવ્ય રીતે ઉજવણી

**યુ.એ.ઈ. ના સહિષ્ણુતા મંત્રી, ભારતના યુ.એ.ઈ. ખાતેના રાજદૂત, સ્થાનિક અગ્રણીઓ સહિત કુલ ૨૦૦૦ ભક્તો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ વિશિષ્ટ કાર્યક્રમમાં આ ઐતિહાસિક મંદિરના સર્વતોમુખી પ્રદાનને બિરદાવવામાં આવ્યું**





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ગત વર્ષે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪, વસંત પંચમીના શુભ દિને અબુધાબીના ભવ્ય અને અદ્વિતીય મંદિરનો ઐતિહાસિક લોકાર્પણ સમારંભ યોજાયો હતો. માનવીય ઈતિહાસના એક સ્વર્ણિમ અધ્યાય સમા આ મંદિરના લોકાર્પણના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે, તા ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબી ખાતે વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં મંદિરના લોકાર્પણના એક વર્ષની સાથે સાથે યુ. એ. ઈ. ના 'યર ઓફ કોમ્યુનિટી' ની ભવ્ય ઉજવણી યુ.એ.ઈ. સરકારના નેતાગણ, સ્થાનિક અગ્રણીઓ અને ભક્તોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમના પેટ્રન તરીકે યુ.એ.ઈ. ના સહિષ્ણુતા મંત્રી (મિનિસ્ટર ઓફ ટોલરન્સ) મહામહિમ શેખ નહયાન મબારક અલ નહયાન પોર્ટુગલથી ખાસ આ કાર્યક્રમ માટે પધાર્યા હતા. તેઓની સાથે પ્રેસિડેન્શિયલ કોર્ટના વિશેષ બાબતોના સલાહકાર એવા મહામહિમ શેખ મોહમ્મદ બિન હમદ બિન તહનૂન અલ નહયાન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ૪૫૦ કરતાં વધુ મહાનુભાવો, રાજદૂતો, સરકારી અધિકારીઓ, ધાર્મિક અગ્રણીઓ, ૩૦૦ કરતાં વધુ સ્થાનિક અગ્રણીઓ સાથે કુલ ૨૦૦૦ ભક્તો, મહાનુભાવો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આજના દિવસે ૧૧,૦૦૦ જેટલાં દર્શનાર્થીઓ મંદિરની મુલાકાતે આવ્યા હતા.

'મંદિરઃ ધ હાર્ટ ઓફ કોમ્યુનિટી' થીમ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં યુ.એ.ઈ. માં ભારતના રાજદૂત શ્રી સંજય સુધીર, કોમ્યુનિટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ મહામહિમ ડૉ. મુગીર ખામિસ અલ ખાઈલી, અબુધાબી પોલીસના કમાન્ડર-ઈન-ચીફ મહામહિમ જનરલ અહેમદ સૈફ બિન ઝૈતૂન અલ મુહૈરી વગેરે અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મંદિરની ઉપલબ્ધિઓની ઝાંખી કરાવતી વીડિયો પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ યુ.એ.ઈ. ના સહિષ્ણુતા મંત્રી મહામહિમ શેખ નહયાન મબારક અલ નહયાને એકતા, સંવાદિતા, શાંતિ અને સેવાના ઉદાહરણરૂપ આ મંદિર વિષે તેઓના સંબોધનમાં કહ્યું, ''આ સુંદર મંદિર સ્થાનિક સમુદાયમાં એકતા પ્રેરવાનું કાર્ય કરી રહ્યું છે.''

આ સમગ્ર કાર્યક્રમની મંદિરના સર્વતોમુખી પ્રભાવને ઉજાગર કરતા અલગ-અલગ છ તબક્કામાં પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં મહાનુભાવો દ્વારા મંદિર વિષે સ્વાનુભવો રજૂ થયા હતા.

પહેલો તબક્કોઃ ગ્લોબલ કોમ્યુનિટી - ભારતના યુ.એ.ઈ. ખાતેના રાજદૂત શ્રી સંજય સુધીરે જણાવ્યું, ''ભારત અને યુ.એ.ઈ. વચ્ચેની મિત્રતાનું સૌથી સબળ, અનુભવી શકાય તેવું કોઈ સ્વરૂપ હોય તો તે આ મંદિર છે.''

બીજો તબક્કોઃ ઈન્ટરફેઈથ હાર્મની - બોહરા મુસ્લિમ સમુદાયના અગ્રણી ઉદ્યોગપતિ મુફદ્દલ અલીએ જણાવ્યું કે 'આ મંદિરમાંથી વહેતી આંતરધર્મીય સંવાદિતા અને સર્વસમાવેશકતાની ભાવનાના અનુભવે તેઓને મંદિરમાં તે પ્રદેશની સૌથી મોટી 'ઉદ્ઘ પ્રિન્ટેડ વોલ' (વોલ ઓફ હાર્મની)ના દાનની પ્રેરણા આપી.'

ત્રીજો તબક્કોઃ કોમ્યુનિટી વેલ્યુઝ - સ્થાનિક અગ્રણી શ્રી ઝુબિન કાકરિયાએ પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું કે 'મંદિરે તેઓના બાળકોમાં સનાતન મૂલ્યોના સિંચનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે; મંદિર બાળકોને એવું વાતાવરણ પૂરું પાડી રહ્યું છે, જે સેવાના મૂલ્યોને સીંચીને ચારિત્ર્ય નિર્માણ કરે છે.'

ચોથો તબક્કોઃ ઈનર સ્ટ્રેન્થ - ઉભરતા ટેનિસ ખેલાડી હર્ષ પટેલે જણાવ્યું કે 'એક ખેલાડી તરીકે તેમની સફરમાં મંદિર સ્પષ્ટતા, એકાગ્રતા અને ખંત કેળવવા માટે પ્રેરણાનો સ્રોત બની રહ્યું છે.'

પાંચમો તબક્કોઃ ફેઈથ - મંદિરમાં ગેસ્ટ સર્વિસિસ વિભાગના મુખ્ય વ્યક્તિ તરીકે અને અગાઉ આંતરરાષ્ટ્રીય શાળાઓના નિરીક્ષક એવા શ્રી ઉમેશ રાજાએ જણાવ્યું કે 'ફક્ત ભક્તો માટે જ નહીં, પરંતુ હજારો મુલાકાતીઓ માટે મંદિર એવું સ્થાન છે, જે સૌની શ્રદ્ધાને પ્રજ્વલિત કરે છે, તેઓને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવે છે.'

અંતિમ તબક્કોઃ ઈનર હેપ્પીનેસ – કાર્યક્રમના સમાપનમાં પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ મંદિર નિર્માણમાં ભૂમિના દાનથી લઈને મંદિરનું ઉદાર હૃદયે સ્વાગત કરવા બદલ યુ.એ.ઈ. ના નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો, સાથે-સાથે સ્વયંસેવકોનો તેમજ દાતાઓનો તેઓના નિસ્વાર્થ સમર્પણ અને ઉદારતા માટે આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે એક વર્ષમાં ૨૨ લાખ જેટલાં મુલાકાતીઓએ મંદિરની મુલાકાત લીધી, મંદિર દ્વારા ૧૩ લાખ મીલ્સ જેટલી નિઃશુલ્ક ભોજન સેવા થઈ, ૧૦૦૦ થી વધુ ધાર્મિક વિધિઓ થઈ, ૨૦ જેટલાં લગ્નો આયોજિત થયા.

તેમણે જણાવ્યું કે આ આંકડા વાસ્તવમાં મંદિરના ઊંડા પ્રભાવ અને હેતુને ઉજાગર કરે છે, તે છે – લોકોને એકબીજાની નજીક લાવવા, તેઓમાં ખુશી પ્રસરાવવી, તેઓમાં મૂલ્યોનું સંવર્ધન કરવું.

તેમણે જણાવ્યું કે 'મંદિર જે-તે સ્થાન, સમુદાયનું હૃદય છે, એક એવું સ્થાન, જે આત્માનું પોષણ કરે છે અને સમાજને મજબૂત કરે છે. જીવનમાં બધું પ્રાપ્ત કર્યા પછી પણ વ્યક્તિ કોઈક એવી પરિપૂર્ણતાને શોધે છે જે ખરીદી કે માપી શકાતી નથી. આ ખૂટતા તત્વને મંદિર પૂરું પાડે છે, તે છે – આંતરિક આનંદ. મૂલ્યોના સિંચન દ્વારા નિસ્વાર્થ સેવાની પ્રેરણા આપતા મંદિરનો પ્રભાવ સ્થાનાતીત છે, મંદિરનો આવો ચિરકાલીન પ્રભાવ સમગ્ર જીવનમાં પથરાઈ જાય છે, જે જીવનને સાર્થક બનાવે છે.'

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

**વૃષભઃ** આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો.

**મિથુનઃ** આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

**કર્કઃ** આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે. અધિકારી વર્ગથી તમને નોકરીમાં સહયોગ મળશે. નવી ડીલ દ્વારા પ્રતિષ્ઠા વધી શકે છે.

**સિંહઃ** આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

**કન્યાઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે.

**તુલાઃ** આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

**વૃશ્ચિકઃ** આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

**ધનઃ** આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**મકરઃ** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

**કુંભઃ** આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

**મીનઃ** આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપ ણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે. રાત્રે શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

## ફિલ્મી ગપશપ

# સુપર સ્ટાર શાહરૂખ ખાનના ઘરમાં ઘુસનારો શખ્સ ગુજરાતમાંથી ઝડપાયો



એક વર્ષ પહેલા સુપર સ્ટાર શાહરૂખખાનના મકાનના ત્રીજા માળ સુધી પહોંચનાર ઈસમને ભરૂચ પોલીસે મોના પાર્ક સોસાયટીના નિવૃત્ત આર્મી જવાનના મકાનમાં થયેલી ચોરીના ગુનામાં ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીમાં ગયેલો મુદ્દામાલ રિકવર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં મોનાપાર્ક સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મી જવાન સિરાજ મહેતાના ઘરમાં અજાણ્યા તસ્કરોએ પ્રવેશી આઠ તોલા સોનાના દાગીના ચાંદી તથા રોકડા સવા બે લાખની મત્તા ઉપર હાથ ફેરો કર્યો હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં મથકમાં નોંધાઈ હતી. આ મામલે બી ડિવીઝન પોલીસ મથકના પીઆઈ આર.એમ. વસાવાએ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ તપાસી તલાસ હાથ ધરી હતી.

જેમાં પોલીસે માહિતીના આધારે ચોરીને અંજામ આપનાર રામ સ્વરૂપ સુખરાજ કુશવાહા ઉંમર વર્ષ ૨૧ હાલ રહેવાસી ગોલ્ડન શોપિંગ આમોદ, મૂળ રહે વાટા ફળિયુ આમોદ અને મોના પાર્ક સોસાયટીમાં રહેતા મિન્હાઝ સિંધાને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓની પાસેથી ચોરીમાં ગયેલો રૂપિયા ૨.૭૪ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. બંને આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરીને રિમાન્ડ મેળવાની કવાયત હાથ ધરી છે.

જોકે આરોપીઓની પૂછતાછમાં પોલીસને એક ચોંકાવનારી વિગત પણ જણાવા મળી હતી, જેમાં આરોપી રામ સ્વરૂપ કુશવાહાએ એક વર્ષ અગાઉ મુંબઈના જુહુ વિસ્તારમાં રહેતા સુપર સ્ટાર શાહરૂખ ખાનના બંગલો મન્નતની હાઈ સિક્યુરિટી તોડીને છેક ત્રીજા માળ સુધી પહોંચ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. જેમાં તેને શાહરૂખ ખાનના પત્ની ગૌરી ખાન જોઈ જતા તેને સ્થાનિક પોલીસના હવાલે કરતાં તેના પર ત્યાં પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. જોકે હાલમાં તો પોલીસે બંને વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંચ લાખ નવી રોજગારી સર્જનનુ લક્ષ્ય : યુવાવર્ગ પર ફોકસ : શિક્ષણ - સ્પોર્ટ્સ - રોજગારીને પ્રાધાન્ય : સાત ટેકિનકલ સંસ્થાનોમાં AI લેબ બનશે

**જીલ્લામાં કુમાર - કન્યા છાત્રાલય બનશે ॥ ચાર રીજીયનમાt i-Hubનુ નિર્માણ કરાશે ॥ નાના ઉદ્યોગો - ટેકસટાઈલ્સ - સ્ટાર્ટઅપ માટે જોગવાઈ**

ગાંધીનગર તા.૨૬

૩૬ ટકા યુવાવર્ગ ધરાવતા ગુજરાતમાં વિદ્યાર્થીઓ-યુવાનો માટે મહત્વપૂર્ણ યોજનાઓ જાહેર કરવા સાથે ફાળવણીમાં વધારો કરાયો છે. સમરસ છાત્રાલયના નિર્માણ, સ્પોર્ટસ સુવિધા, આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ લેબ, રોજગારી નિર્માણની દરખાસ્તો કરવામાં આવી છે.

ગુજરાતની આશરે ૩૬% વસ્તી યુવા છે. રાજ્યની આ યુવાશક્તિની પ્રગતિ માટે અમારી સરકાર તેમને જરૂરી શિક્ષણ, સંસાધનો તથા રોજગારી ઉપલબ્ધ કરાવવા સતત કાર્યરત છે. સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા ૮૧ લાખથી વધુ લાભાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ થકી શિક્ષણને સુલભ બનાવવા દરેક તબક્કે વિવિધ શિષ્યવૃત્તિઓ માટે રૂા.૪૮૨૭ કરોડની જોગવાઈ સૂચવું છું.

યુવાનો ઉચ્ચ અભ્યાસ મેળવી શકે તે માટે અલગ અલગ ૧૦ જિલ્લાઓમાં કુલ ૨૦ સ્થળોએ સમરસ કુમાર અને કધયા છાત્રાલય બાંધવામાં આવશે. જેનો લાભ ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓને મળશે.

ખેલે તે ખીલેના અભિગમ સાથે ગુજરાતના યુવાનો માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતગમત સુવિધાઓ સ્થાપવાનું આયોજન છે. યુવાનોને



વિવિધ રમતગમત સ્પર્ધાઓ માટે તૈયાર કરવા ઓલિમ્પિક રેડીનેસ પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવેલ છે. અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્પોર્ટ્સર એક્રલેવ અને કરાઈ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પોર્ટ્સા સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓને ઉદ્યોગોની માંગ અનુરૂપ ટેકનોલોજી અને અદ્યતન સાધનોથી તાલીમ મળી રહે તે ઉદ્દેશથી આઈ.ટી.આઈ ને અપગ્રેડ કરવા રૂા.૪૫૦ કરોડની માતબર જોગવાઈ કરું છું. આ આયોજનથી આવનારા પાંચ વર્ષમાં અંદાજિત પાંચ લાખ તાલીમાર્થીઓ તેનો લાભ મેળવશે.

આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સના યુગમાં આપણા યુવાનો દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે એલ.ડી.ઈજનેરી કોલેજ, અમદાવાદ ખાતે અને અન્ય છ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે છૈં લેબ સ્થાપિત કરવામાં આવશે.

અમદાવાદ ખાતેના i-Hubyને i-Create થકી સ્ટાર્ટઅપ્સ માટે અનુકૂળ ઈકોસિસ્ટસમ સફળતાપૂર્વક ઊભી થઈ છે. રાજ્યના અન્ય વિસ્તારમાં સ્ટાર્ટઅપ્સને વેગ આપવા માટે ચાર રીજીયનમાં i-Hubની સ્થાપનાનું આયોજન છે.

રાજ્ય સરકારે સર્વિસ ક્ષેત્રમાં વધુ રોજગારીનું નિર્માણ કરવાના હેતુથી ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ×(GCC) નીતિ અમલમાં મૂકી છે. જેના અમલથી આ ક્ષેત્રની ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે અને ૫૦ હજારથી વધુ રોજગારીનું સર્જન થશે.

ગુજરાતના યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવાનો અમારો સંકલ્પ છે. MSME, ટેકસટાઈલ વગેરે મહત્તમ રોજગારી આપતા ક્ષેત્રો છે. આ ક્ષેત્રોને વધુ વિકસાવવા સ્જીસ્ઈને પ્રાત્સાહન, નવી ટેક્સટાઈલ નીતિ, મેન્યુફેક્ચરિંગ પાર્ક વગેરેને લીધે રાજ્યમાં મૂડી રોકાણમાં નોંધપાત્ર વધારો થશે. આ નીતિઓ થકી લગભગ પાંચ લાખથી વધુ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગારીનું નિર્માણ થશે.

આ બજેટમાં રાજ્યના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો ઉપરાંત સ્ટાર્ટઅપ એકમોની વિવિધ યોજનાઓ હેઠળ સહાય માટે અંદાજે રૂા.૩૬૦૦ કરોડની જોગવાઈ સૂચવું છું.ગુજરાત ટેકસટાઈલ એકમો વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બને તે માટે રાજ્ય સરકાર દ્વારા અમલી ગુજરાત ટેકસટાઈલ પોલિસી થકી વિવિધ સહાય પૂરી પાડવા આ બજેટમાં રૂા.૨૦૦૦ કરોડની જોગવાઈ કરું છું.

## મહિનામાં ત્રણ વખત મોડા આવનાર સરકારી કર્મચારીઓની અડધા દિવસની રજા કાપી લેવાશે

# કર્મીઓની લાલિયાવાડી નહી ચલાવવા રાજય સરકારનો મહત્વનો નિર્ણય

રાજય સરકારે હવે સરકારી કર્મચારીઓની લાલીયાવાડી નહી ચલાવવાનો નિર્ણય કર્યો છે. અને એક માસમાં ત્રણ વખત કચેરીએ મોડા આવનાર કર્મચારીની અડધા દિવસની રજા કાપી લેવાનું નકકી કર્યું છે.

ઉલ્લેખનિય છે કે, સરકારી કર્મચારીઓની હાજરીને લઈ સામાન્ય વહીવટ વિભાગે મહત્વનો આદેશ કર્યો છે. ગુલ્લીબાજ કર્મીઓને લઈ આકરા પગલા લેવાનો નિર્ણય કર્યો છે. કર્મચારીઓએ સમયસર ઓફિસ પહોંચવું પડશે. સવારે ૧૦:૪૦ સુધી ઓફિસ કર્મચારીઓએ પહોંચવાનો રહેશે અને સાંજે ૬:૧૦ પહેલા



છોડવાનો છોડી શકશે નહી

સવારે સમય કરતા મોડા અને સાંજે વહેલા જતા કર્મચારીઓની રજા કપાશે. ગુલ્લીબાજ કર્મચારીઓના અડધા દિવસની રજા કાપવાનો સામાન્ય વહીવટ વિભાગે નિર્ણય કર્યો છે.

પરિપત્રમાં જણાવ્યું છે કે, 'દરેક અધિકારી/કર્મચારી માટે આવવાનો સમય સવારે ૧૦:૩૦ કલાકે તથા કચેરી છોડવાનો સમય સાંજે ૬:૧૦ કલાકનો છે. આમ છતાં અમદાવાદથી આવતી પોઈન્ટની બસો સચિવાલય સંકુલમાં પ્રવેશી શકતી ન હોવાથી તેમજ રસ્તામાં ટ્રાફિકજામ હોવાને કારણે સવારે કચેરીમાં આવવાના સમયમાં ૧૦ Nar Mir આપીને આ સમય ૧૦:૪૦ સુધીનો નક્કી કરવામાં આવેલ છે.

આથી વિભાગના તમામ અધિકારી/કર્મચારીઓને કચેરીમાં આવવા-જવામાં નિયમિતતા જાળવવા સૂચના આપવામાં આવે છે. વધુમાં, એક માસમાં ત્રણ વખત કચેરીમાં સવારે ૧૦:૪૦ કલાક પછી આવનાર અથવા સાંજે ૬:૧૦ પહેલા જનાર અધિકારી/કર્મચારીઓની અડધા દિવસની પરચૂરણ રજા કાપવામાં આવશે.

# ગુજરાતના ચાર નવજાત શિશુને વેંચી દેવાયા : પોલીસના હાથે ગેંગ ઝબ્બે



હૈદરાબાદ,તા.૨૬

ગુજરાતમાંથી નવજાત શિશુઓને ઉઠાવીને વેચી નાખવાના આંતર રાજય રેકેટનો પર્દાફાશ થયો છે. ગુજરાતમાંથી ચાર નવજાતને વેચી દેવાયા હતા. હૈદરાબાદમાંથી મહિલા મેડીકલ રીપ્રેઝન્ટીવ સહીતની ગેંગની ધરપકડ કરવામાં આવી હતી.

અમદાવાદની મહિલાની સંડોવણી પણ બહાર આવી છે. નવજાત શિશુઓને વેચી નાખવાના આ રેકેટમાં બે મહિનાથી પણ ઓછી ઉંમરના ચાર શિશુઓને બચાવી લેવામાં આવ્યા હતા.

આ ચારેય શિશુઓને ગુજરાતમાંથી ઉઠાવીને આંધ્રપ્રદેશ તથા તેલંગાણાનાં નિઃસંતાન દંપતિઓને રૂા.૨ થી ૪.૫૦ લાખની કિંમતે વેચી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ચોંકાવનારા પ્રકરણમાં મુખ્ય સુત્રધાર કોલા ક્રિશ્નાવેણી ઉપરાંત પાંચ એજન્ટ તથા બાળકો ખરીદનારા પાંચ દંપતીની ધરપકડ કરવામાં આવી છે.

આઘાતજનક બાબત એ છે કે, સંતાન નહિં થઈ શકતા રેકેટની સુત્રધાર યુવતીને તેના પતિએ અગાઉ છુટાછેડા આપી દીધા હતા. ગત વર્ષે પણ સમાન કૌભાંડમાં તેની ધરપકડ થઈ હતી અને બાદમાં જામીન પર છૂટકારો થયો હતો.

પોલીસના સુત્રોએ કહ્યું કે, છુટાછેડા બાદ એકલી રહેતી આ યુવતી પાસે એકાદ વર્ષ પૂર્વે નિ;સંતાન દંપતીએ બાળક દતક લેવા માટે મદદ માંગી હતી. આ દરમ્યાન દિલ્હીનાં મનોજ નામના શખ્સ સાથે સોશ્યલ મીડીયા મારફત સંપર્ક થયો હતો તેણે પાંચ લાખમાં બાળક આપવાની ઓફર કરી હતી.

આ શખ્સ આવતા જ તેની ધરપકડ થઈ હતી. જામીન મુકત થયા બાદ તેઓએ બાળ તસ્કરીનો ધંધો ચાલુ રાખ્યો હતો. અમદાવાદની વંદના નામની મહિલાનો સંપર્ક થયો હતો. તેણે બાળકો પહોંચાડવાની ઓફર કરી હતી.

સાગ્રીતો મારફત ત્રણ શીશુ આપ્યા હતા જે નિઃસંતાન દંપતીને વેંચી દેવાયા હતા. મંગળવારે વંદનાના બે સાગ્રીતો વધુ એક શીશુ સાથે હૈદરાબાદ પહોંચ્યા હતા ત્યારે પૂર્વ બાતમીનાં આધારે પકડી લેવાયા હતા અને તેનાં આધારે અન્યોની ધરપકડ થઈ હતી.

ચારેય શિશુઓનું વેચાણ ચાલૂ મહિનામાં જ થયાનું બહાર આવ્યું છે.અગાઉ કેટલા બાળકોની લે-વેચ કરી હતી તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

# મત્સોધ્યોગ અને પશુ પાલન મંત્રી પરસોત્તમ સોલંકી વિરુદ્ધ રૂ.૪૦૦ કરોડના ફિશરીઝ કૌભાંડ કેસના ટ્રાયલ સામે હાઇકોર્ટનો સ્ટે

અમદાવાદ, તા.૨૬

એક મહત્ત્વના આદેશ મારફતે ગાંધીનગરની સ્પેશ્યલ એસીબી કોર્ટમાં મત્સોધ્યોગ અને પશુ પાલન મંત્રી પરસોત્તમ સોલંકી વિરુદ્ધ પેન્ડીંગ એવા રૂ.૪૦૦ કરોડના ફિશરીઝ કૌભાંડ કેસના ટ્રાયલની પ્રોસીડીંગ્સ હાથ ધરવા સામે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ દિવ્યેશ એ.જોશીએ વચગાળાનો મનાઈહુકમ ફરમાવી દીધો છે. આ ઉપરાંત ફરિયાદી ઈશાક મરડીયા અને સરકારપક્ષ વિરુદ્ધ નોટિસ જારી કરી હતી.



**આ કથિત કૌભાંડમાં સોલંકીએ ફરી એકવાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ આ કેસમાંથી પોતાને બિનતહોતમ છોડી મૂકવા માટે ડિસ્ચાર્જ એપ્લીકેશન ફાઇલ કરી છે. જેની સુનાવણીમાં જસ્ટિસ દિવ્યેશ એ.જોશીએ ઉપરોક્ત આદેશ કરીને વધુ સુનાવણી ૨૨ એપ્રિલના રોજ રાખી હતી.**

આ કથિત કૌભાંડમાં સોલંકીએ ફરી એકવાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આ કેસમાંથી પોતાને બિનતહોતમ છોડી મૂકવા માટે ડિસ્ચાર્જ એપ્લીકેશન ફાઈલ કરી છે. જેની સુનાવણીમાં જસ્ટિસ દિવ્યેશ એ.જોશીએ ઉપરોક્ત આદેશ કરીને વધુ સુનાવણી ૨૨ એપ્રિલના રોજ રાખી હતી.

સોલંકી તરફથી રજૂઆત કરાઈ હતી કે, પ્રિ ચાર્જ રેકોર્ડ થયેલા એવીડેન્સમાં કોઇ ગુનો બનતો નહી હોવાના તથ્યો સામે આવતાં અરજદારે ફરીથી ડિસ્ચાર્જ અરજી કરી હતી પરંતુ સ્પેશ્યલ એસીબી કોર્ટ, ગાંધીનગરએ તે નામંજૂર કરતાં અરજદારને હાઈકોર્ટમાં રિટ કરવાની ફરજ પડી છે.

ઉલ્લેખનીય છે કે, પરસોત્તમ સોલંકી દ્વારા અગાઉ પણ હાઈકોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરાઇ હતી, જે જૂલાઈ-૨૦૨૪માં નામંજૂર થઈ હતી પરંતુ એ પછી કેસના સંજોગો બદલાતાં તેમણે ફરી હાઈકોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરી પોતાને આ કેસમાં બિનતહોમત છોડી મૂકવા માંગણી કરી છે.

કેસની વિગતો મુજબ રાજ્યના તળાવોમાં માછીમારીના કોન્ટ્રાક્ટ આપવાના કેસમાં ભારે ભ્રષ્ટાચાર થયો હોવાના મામલે ઈશાક મરડિયા દ્વાર હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. તેની સુનાવણી બાદ કેસ બનતો હોવાનો પુરાવો આવતા ગાંધીનગરની એસીબી કોર્ટ દ્વારા સોલંકી અને વિભાગના અધિકારીઓ વિરુદ્ધ ખટલો શરૂ કરવામાં આવ્યો હતો.

જે છેલ્લા એક દાયકાથી આ કેસ ચાલે છે. દરમિયાન અરજદાર મત્સ્યોદ્યોગ મંત્રી પરસોત્તમ સોલંકી દ્વારા કરાયેલી રિટ અરજીમાં એવી રજૂઆત કરાઇ હતી કે, આ કેસમાં ફરિયાદી ઈશાક મરડિયા દ્વારા કરાયેલ કેસ ગાંધીનગરની સ્પેશ્યલ એસીબી કોર્ટમાં હાલ પડતર છે.

અગાઉ તેમની ડિસ્ચાર્જ અરજી સ્પેશ્યલ એસીબી કોર્ટે અને બાદમાં હાઈકોર્ટે પણ નામંજૂર કરી હતી પરંતુ ત્યારબાદ વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં કેસમાં સુનાવણી ડેમિયન કે પુરાવા આવ્યા તેના પરથી તેમની સામે આ કેસમાં કોઇ ગુનો બનતો નથી.

આ ઉપરાંત પરસોત્તમ સોલંકી દ્વારા સીઆરપીસીની કલમ-૨૪૫ હેઠળ અરજી કરી એવી માંગ કરી હતી કે, વર્ષ ૨૦૨૧માં જયારે પુરાવો રેકોર્ડ થયો ત્યારે તેમના વકીલ સંજોગોવશાત્ હાજર રહ્યા નહોતા અને ત્યારે પ્રિ ચાર્જના સ્ટેજ પર કેટલાક સાક્ષીઓની ઉલટતપાસ થઈ શકી ન હતી, તેથી હવે સોલંકીના નવા વકીલ હાજર થતાં બધા વીટનેસને રિકોલ કરવા અને જે સાક્ષીઓની ઉલટતપાસ નથી થઈ તે પૂર્ણ કરવાનો મોકો આપવા માંગ કરાઇ હતી.

જેથી કોર્ટે તેની મંજૂરી આપી હતી. જો કે, ખુદ ફરિયાદી ઉલટતપાસ માટે તૈયાર થયા નહોતા કારણ કે, ફરિયાદીએ વીટનેસ રિકોલ કરવાના હુકમ સામે સુપ્રીમકોર્ટમાં કરેલી પિટિશન પેન્ડીંગ હોઇ ફરિયાદીએ તેના માટે તૈયારી બતાવી ન હતી.

વધુમાં અરજદાર મંત્રી પરસોત્તમ સોલંકી તરફથી જણાવાયું કે, આ કેસમાં પ્રિ ચાર્જ એવીડેન્સ જોતાં કોઇ ગુનો કે કેસ બનતો જ નથી, તેથી તેમને આ કેસમાંથી બિનતહોમત છોડી મૂકવા જોઇએ અને ડિસ્ચાર્જ કરવા જોઇએ.

ઉપરાંત જયારે ખુદ ફરિયાદી જ ઉલટતપાસ માટે તૈયાર નથી, તેથી અરજદારને કેસમાં યોગ્ય મોકો પણ મળ્યો નથી. આ સંજોગો ધ્યાને લઇ હાઇકોર્ટે તેમની ડિસ્ચાર્જ અરજી ગ્રાહ્ય રાખવી જોઇએ. હવે આ કેસની વધુ સુનાવણી એપ્રિલ મહિનામાં હાથ ધરવામાં આવશે.

### નવા નાણા વર્ષમાં કાંઇક અંશે ચિત્ર સ્પષ્ટ થશે : પરેશ વાઘાણી

# શેરબજારમાં મંદીની ઈફેક્ટ : વોલ્યુમ બે વર્ષના તળીયે : ડીમેટ - ટ્રેડીંગ એકાઉન્ટ ખોલાવનારા ઘટયા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૬

છેલ્લા ઘણા સમયથી શેરબજારમાં ઘટાડો થતા વોલ્યુમમાં ઘણો ઘટાડો જોવા મળી રહ્યો છે.કેશ સેગમેન્ટ અને ફ્યુચર ઓપ્શન ના વોલ્યુમ ઘટી ગયા છે. કેશ સેગમેન્ટનુ વોલ્યુમ ૧૫ માસના તળિયે. જ્યારે ફ્યુચર અને ઓપ્શન ના વોલ્યુમમાં પણ ધરખમ ઘટાડો થતાં છેલ્લા બે વર્ષના તળિયે વોલ્યુમ જોવા મળી રહ્યું છે.નિફ્ટી અને સેન્સક્ષ ના બધા જ ઈન્ડેક્ષ તૂટી રહ્યા છે.

વિશ્વભરમાં ચાલી રહેલી ટેરિફ વોરની પ્રતિકૂળ અસર બજાર પર જોવા મળી રહી છે.જો શેર બજારનો ઘટાડો વધારે તીવ્ર થશે તો સરકારને એસ.ટી.ટી ની આવકમાં તો ઘટાડો નિશ્ચિત પણે થશે પરંતુ શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સની આવક પણ ઘટવાનું અનુમાન છે. કારણ કે છેલ્લા બે મહિનાથી ચાલી રહેલી મંદીને કારણે ટ્રેડરો લોસમાં ચાલી રહ્યા છે.અગાઉનો પ્રોફિટ તો ધોવાઈ જ ગયો છે માટે ટેક્સની આવકમાં પણ ઘટાડો થવાની શક્યતા છે.

એફ.આઈ.આઈ નું સતત વેચાણ બજારને વધવા દેતું નથી.જાતે જાત માં ઘટાડો જોવા મળી રહ્યો છે.બજારમાં પણ મંદી વાળા હાવી થઈ ગયા છે. ભારતીય શેરબજારનો મુખ્ય આધાર હવે સ્થાનિક નાણાકીય સંસ્થાઓ પર છે.જે એફ.આઈ.આઈ સામે બાથ ભીડી લગભગ દરરોજ ખરીદી કરી રહી છે.

આવા સંજોગોમાં રિટેલ ઈન્વેસ્ટર બજારમાંથી ગાયબ થતો જોવા મળી રહ્યો છે. એસ.આઈ.પી ગ્રોથ પણ અટકવાની શક્યતા છે. જોકે હજી સુધી રીડમ્પશન જોવા મળતું નથી.જો મોટાપાયે એ રીડમ્પશન મ્યુચ્યુઅલ ફંડ માં આવશે તો બજાર વધારે ખરાબ થશે પરંતુ આવી શક્યતા ઘણી ઓછી છે એવું બને કે એસ.આઈ.પી ટેમ્પરરી સ્ટોપ થાય પરંતુ થોડુક પણ બજાર સુધરશે તો ફરી પાછા એસ.આઈ.પી નો ઈન્ફ્લો વધી શકે છે.

માર્ચ ૨૦૨૫ સુધીમાં પરિસ્થિતિનો અંદાજ આવશે ત્યાર પછી ચોથા ક્વાર્ટર ના પરિણામો પર પણ બજારની રૂખ ખબર પડશે. શેર બજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર શેર બજારના વોલ્યુમમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. નવા ડિમેટ એકાઉન્ટ અને ટ્રેડીગ અકાઉન્ટ ખોલવવાની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

કોઈપણ ભાવે શેર ખરીદનારાઓ ને બીજા દિવસે જ શેરના ભાવો તૂટતા જોવા મળતા નાનો રોકાણકાર બજારથી દૂર થતો જોવા મળી રહ્યો છે.

પ્રાઈમરી બજાર પર પણ નેગેટિવ ઈમ્પેક્ટ જોવા મળી રહી છે.

આઈ.પી.ઓ આવવાની સંખ્યામાં ધીમે ધીમે ઘટાડો જોવા મળી રહ્યો છે. એકંદરે શેર બજારની ગતિવિધિ ધીમી પડી રહી છે. આવનારા દિવસોમાં પરિસ્થિતિમાં સુધારાની આશા શેર બજાર અને નાના-મોટા રોકાણકારો રાખી રહ્યા છે.

# તમારા હૃદયનો શુદ્ધ ભાવ હું જાણું છું,પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



જીવનની એવી કોઈ સમસ્યા નથી કે જેનો ઉકેલ કુદરત પાસે ન હોય. સમસ્યા ગમે તેટલી મોટી હોય,તેનો કોઈને કોઈ ઉકેલ ચોક્કસ જ હોય છે. આપણે સમસ્યાનો હિંમતપૂર્વક સામનો કેવી રીતે કરવો તે જાણવું જોઈએ કારણ કે સમસ્યાનો સામનો કરવાથી દૂર થઈ જાય છે, મોં ફેરવીને નહીં.આ પ્રકૃતિનોએક નિયમ પણ છેકે અહીં ફક્ત પોતાનાથી નબળા લોકો જ એક બીજાને હેરાન કરે છે.

દુઃખ સાથે પણ એવું જ થાય છે. તમે દુઃખથી દૂર ભાગવાનો જેટલો પ્રયત્ન કરશો,તેટલા વધુ દુઃખ તમારા પર હાવી થશે. સ્વામી વિવેકાનંદજી કહેતા હતા કે દુઃખ એ વાંદરાઓ જેવું છે જે પીઠ ફેરવે ત્યારે પીછો કરે છે અને સામનો કરે ત્યારે ભાગી જાય છે. સમસ્યાનો સામનો કરવો એ સમસ્યાને ઘટાડવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ચીરહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિ ઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ.એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય.ચીર હરણ એ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે.

શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે.ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે. પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રીકૃષ્ણનો તેમને અનુભવ થતો નથી. તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુ કૃપા કરીને દૂર કરે છે, જ્યારે પ્રભુ ના બનીએ ત્યારે જ આ બને છે.

પ્રભુ કહે છેકે,જેણે પોતાની બુદ્ધિ ને મારામય કરી છે તેનો વિષય ભોગનો સંકલ્પ સાંસારિક વિષય ભોગ માટે થતો નથી,પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી, તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમની બુદ્ધિ માં કામવાસના અંકુરિત થતી નથી

ગોપીઓને પ્રભુએ કહ્યું છે,હે વ્રજ કુમારિકાઓ!તમારામાં કામ વાસના નથી, તમારા હૃદયનો શુદ્ર ભાવ હું જાણું છું,પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે. તે પછી તમે મને મળશો.તમે શરદ ઋતુની રાત્રિએ મારી સાથે રમશો.

શરદ ઋતુની રાત્રિ નિર્મળ હોય છે.તમે એવા નિર્મળ થશો, સર્વ પ્રકારે શુદ્ધ થશો તો તમે ઈશ્વર સાથે રમી રમશો, ત્યારે જીવનું ઈશ્વર સાથે મિલન થશે ત્યારે રાસ થશે.

તે પહેલાં પૂતનાવધ-અવિદ્યાનો નાશ થવો જોઈએ. અવિદ્યાનો નાશ થાય, એટલે સંસારનું ગાડું સુધરે છે.એ બતાવવા શકટાસુર નો વધ કર્યો. સંસારનું ગાડું સુધર્યું. એટલે તૃણાવર્તને મર્યો.તૃણાવર્ત એટલે કે રજોગુણ નો નાશ થયો. રજોગુણ મર્યો એટલે માખણ ચોરીની લીલા આવી. શ્રીકૃષ્ણે મનની ચોરી કરી એટલે જીવન સાત્ત્વિક બન્યું. જીવન સાત્ત્વિક બને તો સંસારની આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી.એટલે કે સંસારની આસક્તિ થઈ. સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય. તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાયા એટલે દંભ મર્યો,એટલે આવી બકાસુર વધની કથા,તે પછી આવી અધાસુર વધની કથા અને સંસારનો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયોની શુદ્ધિ થઈ અને અંતઃ કરણની વાસનાનો ક્ષય થાય. તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધની કથાઆવી આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુગીતની વાંસળી સંભળાઈ.વેણુગીત એટલે નાદ બ્રહ્મની ઉપાસના થઈ. એટલે તે પછી આવી ગોવર્ધન લીલા. ગોવર્ધન લીલા એટલે ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે વૃદ્ધિ. ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે કે વૃદ્ધિ ભક્તિરસથી થાય છે.ઈન્દ્રિયો પુષ્ટ થઈ એટલે ષડ્રસનો પરાભવ થયો. વરુણદેવનો પરાભવ થયો, ષડ્રસ નો પરાભવ થયો,જીવ શુદ્ધ થયો, કોઈ વાસનાનું આવરણ ન રહ્યું એટલે ચીરહરણ લીલા થઈ અને તે પછી રાસલીલા થઈ, જીવ અને બ્રહ્મની એકતા થઈ. એકત્વ થયું. આનંદ આનંદ થઈ રહ્યો. બોલો,ચીરહરણ ન થાય ત્યાં સુધી રાસલીલા ન થાય. શરીરને વસ્ત્ર ઢાંકે છે,તેમ વાસના પરમાત્માને ઢાંકી રાખે છે. વાસનારૂપી પડદો દૂર ન થાય, ત્યાં સુધી જીવ અને શિવનું-ઈશ્વરનું મિલન થતું નથી.

વાસનારૂપી વસ્ત્ર જીવ અને પરમાત્માનું મિલન થતું અટકાવે છે. ઈન્દ્રિયો વગેરેમાંથી કામને કાઢવો સહેલો છે પણ બુદ્ધિગત કામને કાઢવો મુશ્કેલ છે. ચીરહરણ સિવાય આરો નથી. વાસનાનો ક્ષય સહેલો નથી. યોગીના શરીરમાંથી કામ જાય છે, પણ બુદ્ધિમાંથી કામ જતો નથી. વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયો શિથિલ થતાં ઈન્દ્રિયોમાંથી જાય છે, પરંતુ કામ બુદ્ધિમાંથી નીકળતો નથી. ઋષિઓ પણ કામથી હારેલા. તેઓને લાગ્યું કે, કામને મારવો કઠણ છે, તેથી તે ઋષિઓ આજે ગોપીઓ થઈને આવેલા છે. ઋષિઓએ નિશ્ચય કર્યો,આ કામ ભાવ હવે શ્રીકૃષ્ણને અર્પણ કરીશું અને નિષ્કામ થઈશું.

મહાપ્રભુની આજ્ઞા છે કે, દસમ સ્કંધ એ ગોવર્ધનનાથનું હૃદય છે અને રાસલીલા પ્રાણ છે. - હૃદયમાં પંચપ્રાણ રહેલા છે, તેમ શ્રીમદ્ ભાગવતની પંચપ્રાણ આ રાસ પંચાધ્યાયી છે.રાસ પંચાધ્યાયીના પાંચ અધ્યાય છે. રાસ પંચાધ્યાયીને ફળ પ્રકરણ કહે છે.રાસલીલા એ નિવૃત્તિ ધર્મ નું પરમ ફળ છે.શ્રી રાધાજી શુકદેવજીના ગુરુ છે. રાધાજીએ શુકદેવજીને બ્રહ્મસંબંધ કરાવ્યો છે.આ રાધાજીની કૃપા વગર રાસનું મહત્ત્વ સમજવું કઠિન છે. શુકદેવ જી અગાઉના જન્મમાં પોપટ હતા પોપટ અખંડ રાધાજી ના નામનું કીર્તન કરો. એક દિવસ રાધાજી ત્યાં પધાર્યા. ઓહો! આ કોણ મારા નામનો જપ કરે છે? ત્યાં પોપટ ઉપર દૃષ્ટિ પડી. પોપટ જપ કરે છે. પોપટને બોલાવ્યો. પોપટને હથેળી ઉપર રાખી કહ્યું, વત્સ, રાધા રાધા નહીં, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બોલ!રાધાજી પોપટને આ પ્રમાણે મંત્ર દીક્ષા આપે છે તે વખતે શ્રીકૃષ્ણ ત્યાં પધારે છે. રાધાજીની કૃપા થઈ તો શ્રીકૃષ્ણ નાં દર્શન સુલભ બની ગયાં.વ્રજ ના અધિશ્વરી રાધાજી છે,શ્રી રાધાજી આદ્યશક્તિ છે. સંયોજીકા શક્તિ છે. આહલાદિકા શક્તિ છે. જગતના વિખૂટા પડેલા જીવોને શ્રીકૃષ્ણ સાથે મિલન કરાવી આપનાર શક્તિછે,તેથી વૃંદાવનમાં મહાત્મા ઓ રાધે રાધેનો જપ કરે છે.રાધા જીની કૃપા થાય તો તે જીવને ભગવાનનાં દર્શન કરાવે છે

આ પ્રમાણે શુકદેવજીપૂર્વજન્મમાં પોપટ હતા,માટે ભાગવતમાં શુકદેવજી બોલ્યા, એમ કહેવાને બદલે શ્રી શુક બોલ્યા એમ લખ્યું છે. શ્રીશબ્દનો અર્થ થાય છે રાધા શ્રીશુક એ ગુરુ-શિષ્યનું નામ છે. ભાગવતમાં કોઇના નામ સાથે શ્રી વિશેષણ લખવામાં આવતું નથી. બ્રહ્મા ઉવાચ, સનત કુમાર ઉવાચ, વ્યાસ ઉવાચ એમ લખ્યું છે. વ્યાસજીના નામ સાથે પણ શ્રી વિશેષણ વાપર્યું નથી.ફક્ત શુકદેવજી અને ભગવાનને શ્રી વિશેષણ આપવા માં આવ્યું છે. શુકદેવજી શ્રીજીના રાધાજીના કૃપાપાત્ર છે, શિષ્ય છે તેથી તેમને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે

રાધાજી શ્રીકૃષ્ણને કહે છે,આ પોપટ મને ખૂબ ગમે છે.આમ કહી રાધાજીએ શ્રીકૃષ્ણના હાથમાં પોપટ આપ્યો છે.

આમ અંતરંગમાં રાધાજી શુકદેવ જીના ગુરુ છે.પરમાત્મા સાથે સંબંધ જોડી આપે એ મહાપ્રભુનું નામ પ્રગટરૂપે લેવાય નહીં.એટલે ભાગવતમાં શ્રીરાધાજીનું નામ પ્રગટરૂપે શુકદેવજીએ લીધું નથી. રાધાજીનું નામ જેમ ભાગવતમાં આવતું નથી,તેમ કોઈ ગોપીનું નામ પ્રગટ રૂપે આપ્યું નથી. શુકદેવજી કથા બહુ વિવેકથી કરે છે.રાજાપરીક્ષિતને સાત દિવસમાં મોક્ષ અપાવવો છે.તે વખતે જો શુકદેવ જી રાધે રાધે બોલવા લાગે તો ગુરુનું નામ લેતાં શુકદેવજીને સમાધિ લાગી જાય તો પછી રાજાનું શું?બાપડો રખડી જ પડેને!એટલે શુકદેવજી ખૂબ સાવધાન છે.

રાસલીલાએ સાધારણ સ્ત્રી-પુરુષ નું મિલન નથી.આ તો અંતરંગ લીલા છે. આમાં કામની ગંધ નથી એક પતિની અનેક પત્નીઓ હોય તો તેમાં માંહોમાં,મત્સર હોય,પણ આ ગોપીઓમાં મત્સર નથી. શુકદેવજી મહાયોગી છે.ગોપીનામ ની કોઈ સ્ત્રી છે.એવી કલ્પના ન કરો.ગોપી અશુદ્ધ જીવ છે. ગોપીએ હદયનો શૂદ્ર ભાવ છે, પ્રેમભાવ છે.પ્રત્યેક ઈન્દ્રિયથી ભક્તિરસનું પાન કરતાં જે દેહ ભાન ભૂલ્યો છેતેવા વિશુદ્ધ જીવ એ ગોપી છે. સાધારણ જીવ એ ગોપીની કથા કરવાને લાયક નથી અને સાધારણ જીવ આ કથા સાંભળવાનો અધિકારી નથી.

કેટલાક ગોપીઓને ઈશ્વર સાથે એક થવું નથી.એક થાય તો ઈશ્વરના રસાસ્વાદનો અનુભવ કરી શકે નહીં. જીવ ઈશ્વર સાથે એક થાય તો ઈશ્વરના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી. ઈશ્વર રસરૂપ હોવાથી જ્ઞાની પુરુષો તે રસમાં ડૂબી જાયછે,પણ ઈશ્વરથી અલગ રહે તોજ ઈશ્વર ના રસા ત્મક સ્વરૂપનો રસાનુભવ કરી શકાય.

વાચક ચાહક મિત્રો, અંતમાં જાણીએ સંસ્કાર શૂન્ય,સંસાર શૂન્ય નિવારણ થઈને મારી પાસે આવો. એમ ભગવાન કહે છે.દ્વૈતનો પડદો દૂર કરશો તો ભગવાન મળશે ભગવાન પાસે છે છતાં દેખાતા નથી. વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા. ગુરુ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસના નો પડદો છે એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે. બુદ્ધિગત વાસના સિદ્ધ સદગુરુ કૃપા કરે અથવા પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે. આપણે ગઈકાલે મહાશિવરાત્રી સાથે પ્રયાગરાજ મહાકુંભનું અંતિમ સ્નાન પૂરું કર્યું નગરદેવીની ૬૧૪ વર્ષ બાદ ભવ્ય શોભાયાત્રા અને ૬૦ વર્ષ બાદ મહાશિવરાત્રીનો મહા યોગ માણ્યો હર હર મહાદેવ ભોલે અસ્તુ.

## પ્રાચીન પાતાળેશ્વર મંદિરે મહાશિવરાત્રીના પાવન પર્વે હર... હર... મહાદેવના નાથ ગુંજ્યા

# પાલનપુરના પાતાળેશ્વર મંદિરમાં ભક્તોની ભીડ:૫૧ ફૂટ ઊંડા પ્રાચીન મંદિરમાં હજારો શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા





(ગરવી તાકાત) પાલનપુર તા.૨૬

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં આવેલું પ્રાચીન પાતાળેશ્વર મંદિર આજે મહાશિવરાત્રીના પાવન પર્વે ભક્તોની ભીડથી ધમધમી ઉઠ્યું છે. જમીનથી ૫૧ ફૂટ નીચે આવેલું આ મંદિર ઉત્તર ગુજરાતનું એકમાત્ર એવું મંદિર છે જે ૫૧ ફૂટ ઊંચું પણ છે.

આ ઐતિહાસિક મંદિર પાટણના મહાન રાજા સિદ્ધરાજ જયસિંહના જન્મસ્થળ તરીકે પણ જાણીતું છે. ૧૯૮૦માં જીર્ણોદ્ધાર પામેલા આ મંદિરની ખ્યાતિ દિન-પ્રતિદિન વધી રહી છે. શ્રદ્ધાળુઓનું માનવું છે કે અહીં દર્શન માત્રથી ભક્તોના કષ્ટ દૂર થાય છે.

મહાશિવરાત્રીના આ પવિત્ર દિવસે હજારો ભક્તો દૂર-દૂરથી આવીને શિવની મહાપૂજા અને અર્ચના કરી રહ્યા છે. મેળા જેવો માહોલ જામ્યો છે. હિંદુ સમાજ દ્વારા દર્શનાર્થીઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આખો દિવસ ભક્તો શાંતિપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

### મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી રહ્યા છે બનાસ નદી કિનારે મેળો પણ ભરાયો

## ઈકબાલગઢના વિશ્વેશ્વર મહાદેવ મંદિરે ભીડ, પોલીસે ટ્રાફિક વ્યવસ્થા સંભાળી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૮

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં મહાશિવરાત્રિના પવિત્ર પર્વે ભક્તોની ભારે ભીડ જામી છે. ઈકબાલગઢ નજીક આવેલા વિશ્વેશ્વર મહાદેવ મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી રહ્યા છે. બનાસ નદી કિનારે મેળો પણ ભરાયો છે.



અમીરગઢ તાલુકાનુ ઈકબાલગઢ વેપારી મથક હોવાથી, આજે ખરીદી માટે પણ મોટી સંખ્યામાં લોકો પહોંચતા હોય છે. આ કારણે શહેરમાં વાહનોની અવરજવર વધી છે. કેટલાક વાહન ચાલકો આડેધડ પાર્કિંગ કરતા હોવાથી મુખ્ય બજારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. આના કારણે અન્ય વાહન ચાલકોને પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે.

પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે અમીરગઢ પોલીસ અને ઈકબાલગઢ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ મોરચો સંભાળ્યો છે. તેઓ આડેધડ પાર્ક કરાયેલા વાહનો સામે કડક કાર્યવાહી કરી રહ્યા છે. પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા જાળવવા વિશેષ પગલાં લેવામાં આવી રહ્યા છે.

### પતિ કોલ રેકોર્ડિંગથી વીડિયો કોલ સુધી પત્નીની જાસૂસી કરતો

## પ્રેગ્નેન્સીમાં પણ મારઝૂડ કરી, બાળકોની જવાબદારી ન લેતા આખરે પિયરમાં ભણવા મૂકવા પડ્યા હતા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૬

ગાંધીનગરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સેક્ટર-૨૯માં રહેતી એક મહિલાએ પતિ વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. મહિલાના લગ્ન વર્ષ ૨૦૧૪માં અંકલેશ્વરના આબોલી રોડ પર થયા હતા. લગ્ન બાદ તે સંયુક્ત કુટુંબમાં રહેતી હતી અને તેને બે સંતાનો છે. પ્રથમ વર્ષ સુખમય રહ્યું, પરંતુ ત્યારબાદ પતિએ નાની-નાની બાબતો પર હેરાનગતિ શરૂ કરી હતી.

લગ્નના ત્રણ વર્ષ બાદ દંપતી અલગ રહેવા ગયું હતું. પતિએ પત્નીને આર્થિક સહાય બંધ કરી અને



ત્રણ વર્ષ સુધી ફોન પણ વાપરવા ન દીધો હતો. ત્યારબાદ આપેલા ફોનમાં કોઈ એપ્લિકેશન વાપરવાની મનાઈ કરી હતી. પતિ પત્નીની વાતચીત રેકોર્ડ કરતો અને તેના પર શંકા રાખતો હતો. આ ઉપરાંત પત્નીને ઘરની બહાર નીકળવા કે કોઈ સાથે વાત કરવા પર પ્રતિબંધ મૂક્યો હકો. બહાર જાય ત્યારે વીડિયો કોલથી નિગરાની રાખતો હતો. વિરોધ કરે તો ગાળાગાળી અને મારઝૂડ કરતો હતા. આટલુ ઓછુ હોય એમ ગર્ભાવસ્થા દરમિયાન પણ શારીરિક-માનસિક ત્રાસ ચાલુ રાખ્યો હતો.

પરિણીતાએ પરિવારજનોને જાણ કરતા પતિએ બે-ત્રણ વાર માફી માગી, પરંતુ ફરી ત્રાસ શરૂ કર્યો હતો. બાળકોની જવાબદારી ન લેતા તેમને પિયરમાં ભણવા મૂકવા પડ્યા હતા. પતિએ પત્નીને પિયર જવા પર પ્રતિબંધ મૂક્યો હતો. છેલ્લે લાકડીથી માર મારી જમીન પર પછાડતા મહિલાએ ગાંધીનગર આવી સારવાર લીધી હતી અને પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## પોલીસ તંત્રમાં બે માસમાં 3 રાજીનામા : હવે DYSP રૂહી પાયલાએ પદ છોડ્યું



**પોલીસ વિભાગની અગત્યની પોસ્ટ અને અગત્યના હોદ્દા પરથી માત્ર ૨ જ મહિનાના સમયમાં 3 જેટલા પોલીસ અધિકારીઓના રાજીનામાંએ પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે**

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત રાજ્યમાં એક તરફ ૧૧ હજાર જગ્યાઓ માટે લાખો યુવાનો યુવતીઓ ભરતી થવા તનતોડ મહેનત કરી રહ્યા છે અને બીજી બાજુ સિનિયર પોલીસ અધિકારીઓના ધડાધડ રાજીનામાં પડી રહ્યા છે. માત્ર ૨ મહિનામાં રાજ્યના ૩ પોલીસ અધિકારીઓએ સરકારને પોતાના રાજીનામાં ધરી દીધા છે.

૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જુનાગઢના એસપી હર્ષદ મહેતાએ અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું આ પછી ૪ ફેબ્રુઆરીએ અભય ચુડાસમાએ અચાનક રાજીનામું આપ્યું હતું, જેનાથી ગુજરાત પોલીસમાં ભારે ચકચાર મચી હતી હવે ડીવાયએસપી રૂહી પાયલાએ રાજીનામું આપી દીધું છે.

ગાંધીનગર પોલીસ ભવન ખાતે પોસ્ટેડ રૂહી પાયલાએ રાજીનામું આપી પોલીસ વિભાગ અને સરકારનો આભાર માન્યો હતો અને સમાજની સેવા કરવાનો સિલસિલો કાયમ રાખવાની વાત પણ કરી હતી. વર્ષ ૨૦૧૭માં પાલનપુરના કાણોદરની રૂહી પાયલાની ડીવાયએસપી તરીકે જીપીએસસી દ્વારા પસંદગી થઈ હતી.

પોલીસ વિભાગની અગત્યની પોસ્ટ અને અગત્યના હોદ્દા પરથી માત્ર ૨ જ મહિનાના સમયમાં ૩ જેટલા પોલીસ અધિકારીઓના રાજીનામાંએ પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે, પોલીસ વિભાગના ઉચ્ચ હોદ્દા પરથી થઈ રહેલા રાજીનામાં વિષે કોઈ નક્કર કારણ અધિકારીઓ ધ્વારા જાહેર કરવામાં આવતું નથી.

### ડીસા ખાતે ઘીના ભેળસેળીયા વેપારી પર ત્રાટકતુ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ

## નવકાર ડેરી પ્રોડક્ટસ, ડીસા, પાલનપુરમાં તંત્ર દ્વારા કરવામાં આવેલ દરોડામાં સ્થળ પરથી કૂલ ૧૧ નમૂના લેવાયા ૪૦૦૦ કિગ્રાથી વધુનો જથ્થો સિઝ કરાયો

(ગરવી તાકાત) ડીસા તા.૨૬

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યનાં નાગરિકોને સલામત અને સ્વચ્છ આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કટીબદ્ધ છે અને રાજ્યમાં ભેળસેળ યુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર ઈસમો વિરૂદ્ધ તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે.



ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બનાસકાંઠા દ્વારા તારીખ: ૦૮/૦૫/ ૨૦૨૪ના રોજ નવકાર ડેરી પ્રોડકટસ, પ્લોટ નંબર-૫૧, જી.આઈ.ડી.સી., ડીસા, બનાસકાંઠા ખાતે તપાસ કરવામાં આવેલ.

જેમાં સ્થળ પર ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેશ) રેગ્યુલેશન, ૨૦૧૧ની જોગવાઈઓનું ભંગ થતા જોવા મળેલ જે બદલ તંત્ર દ્વારા પેઢીને કલમ -૩૨ હેઠળ ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવેલ હતી પરંતુ પેઢી દ્વારા બે વખત તક આપવા છતાં તેની પુર્તતા ન કરવામાં આવતા પેઢીનું લાઈસન્સ (લાઈસન્સ નંબર-૧૦૭૧૮૦૦૫૦૦૦૮૬૬) તારીખ: ૦૪/૧૦/૨૦૨૪ના રોજ રદ કરવામાં આવેલ હતું.

તારીખ: ૨૫/૦૨/૨૦૨૫ના રોજ તંત્ર દ્વારા પેઢીની આકસ્મિક તપાસ કરતા પેઢીનું લાઈસન્સ રદ કરી દીધુ હોવા છતાં ઘી નું ઉત્પાદન કરતી માલૂમ પડેલ. આથી, પેઢીના તપાસ કરતા અને પેઢીના જવાબદાર સંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની પૂછપરછ કરતા ઘી માં સોયાબીન અને ઈન્ટરએસ્ટરી ફાઈડ વેજીટેબલ ફેટની ભેળસેળ ની શંકા જતા તંત્ર કાયદા હેઠળ ની કાર્યવાહી કરતાસંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની હાજરીમાં ઘી ની અલગ -અલગ બ્રાંડ અને વજનના કુલ ૧૧ (અગિયાર) નમુના લેવામાં આવેલ.ઉક્ત ઘી નો જથ્થો રાત્રે બનાવી તેને તહેવારો દરમ્યાન રાજસ્થાન વેચવા માટે જવાનો હતો જે તંત્રની ટીમ દ્વારા જાહેર આરોગ્ય નાં હિતમાં સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ છે, જેની અંદાજીત કિંમત આશરે રૂ. ૧૭.૫૦ લાખ અને વજન આશરે ૪૦૦૦ કિગ્રા થવા જાય છે. લીધેલ તમામ ૧૧ (અગિયાર) નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપેલ છે.

### ગુજરાતના મંત્રીઓને હોળી ગિફ્ટ : પ્રવાસ ભથ્થામાં અઢી ગણો વધારો

## સચિવાલય સંકુલના મેદાનમાં હોળી તહેવારની સંગીત સાથે ઉજવણી થશે

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત સરકારે મંત્રીઓને હોળી ભેટ આપી છે. સરકારે એક હુકમ કરીને રાજ્ય સરકારના તમામ મંત્રીઓના પ્રવાસ દરમિયાન રોકાણ અને ભોજન માટે મળતા ભથ્થામાં લગભગ અઢી ગણો વધારો કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગના હુકમ અનુસાર મંત્રીઓ જે શહેરમાં રોકાવાના હોય તેની કક્ષા પ્રમાણે ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે.



આ વધારો ગયો વર્ષના ૮ નવેમ્બરથી મંજૂર કરવામાં આવ્યો હોવાથી મંત્રીઓને તે દિવસથી આજ સુધી જે પ્રવાસ કર્યો હશે તેના ભથ્થામાં એરિયર્સની ગણતરી કરી તફાવતની રકમ પણ આવતા મહિનાના તેમના પગારમાં ઉમેરીને આપવામાં આવશે.

આ હુકમ અનુસાર એક્સ કેટેગરીના શહેરોમાં ૧ હજારને બદલે ૨૬૦૦ રૂપિયા, વાય કેટેગરીના શહેરમાં ૮૦૦ રૂપિયાના બદલે ૨૧૦૦ રૂપિયા અને ઝેડ કેટેગરીના શહેરમાં ૫૦૦ રૂપિયાના બદલે ૧૩૦૦ રૂપિયા ભાડું દૈનિક હિસાબે આપવામાં આવશે.

વિધાનસભા સત્ર દરમિયાન ધારાસભ્યો માટે સંકુલમાં હોળીના તહેવારની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભોજન અને સંગીત સાથે ભવ્ય કાર્યક્રમ સચિવાલય સંકુલમાં વિધાનસભાની બહાર આવેલા મેદાનમાં યોજાશે.

# સંક્ષિપ્ત સમાચાર

## મહાશિવરાત્રિએ અંબાજી મંદિરમાં ભવ્ય દૃશ્ય અંબિકેશ્વર મહાદેવનો ફળોથી શણગાર, મંગળા આરતીમાં ઉમટ્યા ભક્તો



(ગરવી તાકાત) અંબાજી તા.૨૬

મહાશિવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે શક્તિપીઠ અંબાજી મંદિરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી. અંબિકેશ્વર મહાદેવનું મંદિર વિવિધ ફળોથી શણગારવામાં આવ્યું હતું. સવારની મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરમાં મહાશિવરાત્રિની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ગુજરાત સહિત તમામ રાજ્યોના શિવાલયોમાં વિશેષ શણગાર કરવામાં આવ્યા છે. મહાદેવની વિશેષ પૂજા-અર્ચના થઈ રહી છે. ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અંબાજી મંદિરમાં દૂર-દૂરથી ભક્તો ભોલેનાથના દર્શન માટે આવ્યા હતા. મહારાજ દ્વારા વિશેષ મંગળા આરતી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ બિલીપત્ર અર્પણ કરી મહાદેવને રિઝવવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર વાતાવરણ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

## ડાકોરના રણછોડરાય મંદિરના દર્શન-આરતીના સમયમાં ફેરફાર કરાયો



ડાકોર,તા.૨૬

ગુજરાતના ડાકોરમાં દર વર્ષે ફાગણ પૂર્ણિમાના દિવસે મેળાનું આયોજન કરવામાં આવે છે. આ દિવસે લાખો શ્રદ્ધાળુઓ રણછોડજીના મંદિરે દર્શનાર્થે પહોંચે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાગણ પૂર્ણિમાના મેળાને લઈને તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. જેના ભાગ રૂપે ડોકોર ટેમ્પલ કમિટી દ્વારા ત્રણ દિવસ રણછોડરાયજીના દર્શન માટે સમયમાં વધારો કરવામાં આવ્યો છે. જેથી, દર્શનાર્થે પહોંચનારા ભાવિ ભક્તોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

ફાગણ સુદ તેરસ બુધવારનો સમય

સવારના ૫.૪૫ વાગ્યે નિજમંદિર ખુલશે,૬.૦૦ વાગ્યે મંગળા આરતી,૬.૦૦થી ૮.૩૦ સુધી દર્શન કરી શકાશે,૮.૩૦થી ૯.૦૦ સુધી દર્શન બંધ રહેશે,૯.૦૦ વાગ્યે શણગાર આરતી,૯.૦૦થી ૧૨.૦૦ સુધી દર્શન કરી શકાશે,૧૨.૦૦થી ૧૨.૩૦ સુધી દર્શન બંધ રહેશે,૦૨ વાગ્યે ઠાકોરજી પોઢી જશે,૦૩.૩૦ વાગ્યે નિજમંદિર ખુલશે,૦૩.૪૫ વાગ્યે શયનભોગ આરતી, ૦૩.૪૫ ઠાકોરજી પોઢી જશે

ફાગણસુદ ચૈદસને ગુરૂવાર (હોળી પૂજન) સવારના ૪.૪૫ વાગ્યે નિજમંદિર ખુલશે,૫.૦૦ વાગ્યે મંગળા આરતી,૫.૦૦થી ૭.૩૦ સુધી દર્શન કરી શકાશે,૭.૩૦ થી ૮.૦૦ સુધી દર્શન બંધ રહેશે,૮.૦૦ વાગ્યે શણગાર આરતી,૮.૦૦થી ૦૧.૩૦ સુધી દર્શન કરી શકાશે,૦૧.૩૦થી ૨.૦૦ સુધી દર્શન બંધ રહેશે, ૨.૦૦ વાગ્યે રાજભોગ આરતી,૦૨.૦૦થી ૦૫.૩૦ સુધી દર્શન કરી શકાશે,૦૫.૩૦થી ૦૬.૦૦ સુધી દર્શન બંધ રહેશે,૬:૦૦ થી ૮:૦૦ દર્શન કરી શકાશે,૦૮.૦૦થી ૦૮.૧૫ દર્શન બંધ રહેશે,૦૮.૧૫ વાગ્યે શયનભોગ આરતી,૦૮.૧૫થી ઠાકોરજી પોઢી જશે

## જયેશ રાદડિયા કિંગ બન્યા, જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ભાજપની ૧૯ પેનલ બિનહરીફ

રાજકોટ,તા.૨૬

રાજકોટ-સહકારી ક્ષેત્રમાં ફરી રાદડિયાનો દબદબો યથાવત જોવા મળ્યો. જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની ૧૯ પેનલ બિનહરીફ વિજેતા બની છે. ભાજપ પ્રેરિત પેનલના ૧૯ ઉમેદવારો બિન હરીફ બન્યાં છે. સંઘના ૧૨ પ્રતિનિધિઓ અને મંડળીના ૭ પ્રતિનિધીઓ બિનહરીફ થયા છે. ૫ વર્ષની ટર્મ પુરી થતાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. રાજકોટ જિલ્લા ખરીદ-વેચાણ સહકારી સંઘની કુલ ૧૯ બેઠકોની તબકકાવાર ચૂંટણી યોજાઈ હતી. જેમાં મંડળીઓના સાત પ્રતિનિધિઓની ચૂંટણીમાં સાતેય ઉમેદવાર રાદડીયા જૂથના બિનહરિફ ચૂંટાયા હતા. જયારે સંઘ પ્રતિનિધિ વિભાગ અને ઈતર વિભાગની ૧૨ બેઠકોની ચૂંટણીમાં પણ તમામ ઉમેદવારો સામે પણ અન્ય કોઈ ઉમેદવારોના નામના ઠરાવો નહી આવતા તમામ ઉમેદવારો બિનહરિફ ચૂંટાયા હતા.તમામ ૧૬ બેઠકો ઉપર રાદડીયા જૂથના ઉમેદવારો વિજેતા થયા છે. જિલ્લા ખરીદ-વેચાણ સહકારી સંઘના બોર્ડમાં બે જિલ્લા સહકારી બેંકના તથા બે કો ઓપ્ટ સભ્યો મળી કુલ ૨૩ સભ્યોનું બોર્ડ બનશે.આ સંઘ ખેતપેદાશોનું ખેડૂતોના લાભાર્થે ખરીદ વેચાણ કરતા હોય છે.

Volume : 10 Issue : 326 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002